| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Sandesh | | 09-06-2014 |



# વોક ધ શૂ- પર્યાવરણ પ્રેમ માટે રેડિયો મિર્ચીની એક અનોખી ગ્રીન વોક

પર્યાવરણને બચાવવાના સંકલ્પ સાથે રેડિયો મિર્ચી ૯૮.૩ એફ એમ અને શહેરના ૧૪૦૦થી વધારે સુરતીઓ ચાલ્યા હતા. જે અનોખી વોક ધ શૂ પ્રવૃત્તિ તરીકે ઓળખાઈ હતી. અઢી વર્ષના બાળકથી લઈને ૮૮ વર્ષના વડીલે વોક ધ શૂ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પર્યાવરણ જાગૃતતા હેતુ આ કાર્યક્રમ ૮ જૂને ૨૦૧૪ના રોજ યોજાયો હતો. મક્કમ રજિસ્ટ્રેશન ફોર્મ દ્વારા રેડિયો મિર્ચીએ ખાસ ગાડી વાહકો માટે બનાવેલી ૯૦૦૦ ઈકો ફ્રેન્ડલી થેલીઓનું વિતરણ પણ કર્યું હતું. કચરાનો વ્યવસ્થિત નિકાલ બાબતે સજાગ કરવા, ઈકો ફ્રેન્ડલી કેરી બિન થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. એસ.પી.બી. કોલેજથી આ ગ્રીન વોકની શરૂઆત કરી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાંથી જુદા જુદા સમુહોએ ભાગ લીધો હતો. લોકોના આકર્ષણ એવમ મનોરંજન માટે કેટલાક સ્થળે સ્ટ્રીટ આર્ટિસ્ટ અને જગલર્સ પણ શામેલ રહ્યા હતા. અંતે રાહુલ રાજ મોલ સુધી પહોંચ્યા બાદ, સુરતના મુખ્ય આર.જે. હર્ષ અને આર.જે. રાહિલ દ્વારા તમામ લોકોનું મનોરંજન કરવામાં આવ્યું હતું.